**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૧.૮ ડીગ્રી
લઘુતમ : ૨૬.૧ ડીગ્રી
ભેજ
સવારે ૫૮ ટકા ● સાંજે ૨૨ ટકા

# શહેરમાં અથાણાની મોસમમાં ગુંદાનું આગમન

## ગુંદાનો ઉપયોગ ખાવાની સાથે સાથે ઔષધમાં દવા તરીકે પણ થાય છે : ગુંદાના વૃક્ષો શહેરીજનોએ પણ વાવવા અનિવાર્ય

ગાંધીનગર, તા.૧

શહેરમાં ઉનાળાની સિઝન ચાલી રહી છે ત્યારે અથાણાની મોસમ પણ ચાલુ થઈ છે. ગૃહિણીઓએ વિવિધ પ્રકારના અથાણાં બનાવવાનું શરૂ કર્યું છે. કેરીના અથાણાંની સિઝનમાં હજી થોડી વાર છે ત્યારે અન્ય બીજા અથાણાંની વાત કરીએ તો લોકપ્રિય ગુંદાનું અથાણું અને સાથે સાથે ગુંદાના વૃક્ષની વાત કરીએ તો શહેરમાં ગણતરી સમાન જ ગુંદાના વૃક્ષો જોવા મળી રહ્યા છે. જયારે આસપાસના ગામ વિસ્તારોમાં અઢળક ગુંદાના વૃક્ષો જોવા મળે છે એટલે શહેરના બજારોમાં આસપાસના ગામમાંથી આ ગુંદાની આવક થાય છે અને શહેરીજનો તેનો વિવિધ રીતે ઉપયોગ કરે છે. આ ગુંદાનો ઉપયોગ ખાવાની સાથે સાથે ઔષધમાં દવા તરીકે પણ થાય છે તેથી આ અમુલ્ય ગુંદાના વૃક્ષો શહેરીજનોએ વધુમાં વધુ વાવવા જોઈએ.





ગુંદાનું વૃક્ષ દરેક ખેતરે કે વાડીએ જરૂર હોવું જ જોઈએ. ગુંદા એ ઔષધીય ફળ છે. માંસથી પણ પાંચ ગણું શકિતશાળી છે. ગુંદામાંથી અથાણું બનાવવામાં આવે છે અને તે ખૂબ જ સ્વાદિષ્ટ લાગે છે. ગુંદાનું ફળ આપણા શરીરની તાકાતને વધારીને બમણી કરી દે છે. હાડકાંઓને લગતી બિમારીઓ પણ થતી નથી કારણકે ગુંદામાં ભરપૂર માત્રામાં કેલ્શિયમ અને ફોસ્ફરસ હોય છે. ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં ગુંદાને સૂકવીને તેનું ચૂરણ બનાવવામાં આવે છે અને મેંદો, બેસન, ઘી, મિશ્ર કરીને લાડવા બનાવે છે. આ લાડવાને ખાવાથી શરીરને તાકાત મળે છે અને સ્ફૂર્તિ મળે છે. ગુંદામાં એન્ટી ઓકસીડેન્ટ ભરપૂર હોય છે જેના કારણે મગજ તેજ થાય છે અને આયર્નની માત્રા પણ વધુ હોય છે જેથી શરીરમાં લોહીની માત્રા વધારવામાં મદદ કરે છે. ગુંદાના વૃક્ષની છાલનો કાઢો અને કપૂરનું મિશ્રણ તૈયાર કરીને સુજી ગયેલા અંગો પર માલિશ કરવામાં આવે અને દાદર પર લગાવવામાં આવે તો ફાયદો થાય છે.

---

પ્રજાપતિ સમાજ ના કાર્યાલય ખાતે 'જયશ્રી બ્રહ્માણી કો. ઓપરેટીવ ક્રેડિટ એન્ડ સપ્લાય સોસાયટી લિ ની જનરલ સભા યોજાઈ હતી. જેમાં માનદ્ મંત્રી હરીશભાઈ પ્રજાપતિ વાર્ષિક હિસાબો રજૂ કર્યાં હતા તથા શેર ડિવિડન્ડ, સભાસદને મળતા નફાની જાહેરાત કરી હતી. ક્રેડિટ સોસાયટીના પ્રમુખ નારાયણભાઈ પ્રજાપતિએ ક્રેડિટ સોસાયટી ની પ્રગતિ અને વિવિધ યોજનાની માહિતી આપી હતી. મોટી સંખ્યામાં સભાસદો હાજર રહ્યા હતા. આભારવિધિ ઉપપ્રમુખ પી .પી પ્રજાપતિએ કરી સૌ હાજરનો આભાર વ્યકત કર્યો હતો.




## ગુજરાત સ્થાપના દિવસ નિમિતે હિન્દી ગુજરાતીમાં કવિ સંમેલન યોજાયું



ગાંધીનગર, તા.૧

ગાંધીનગર સાહિત્ય સેવા સંસ્થાન ચેરીટ્રે બલ ટ્રસ્ટના પ્રમુખ ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા ગુજરાત સ્થાપના દિવસ નિમિતે મહાત્મા ગાંધી સાહિત્ય સેવા મંચ પર ઑન લાઈન કવિ સંમેલન ગુજરાતી હિન્દીમાં યોજાયું હતું.

આ કાર્યક્રમમાં શૈલેષ વાણિયા અધ્યક્ષ ખંભોળજ સાહિત્ય સંસ્થાના અધ્યક્ષ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમ ની શરૂઆત કરી હતી.

ફિલ્મ કલાકાર સુનિલ દત્ત છત્તીસગઢ વિશિષ્ટ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને ગુજરાત સ્થાપના દિવસની હાર્દિક શુભેચ્છા પાઠવી હતી. અતિથિઓનું શાબ્દિક સ્વાગત ડૉ ગુલાબચંદ પટેલ અધ્યક્ષ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કુલ ૩૦ કવિઓએ ગુજરાતના સ્થાપના દિવસ નિમિતે પોતાની રચનાઓ પ્રસ્તુત કરી હતી.

આ કાર્યક્રમમાં કુલ ૧૮૪ સાહિત્યકારો મંચ પર ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમની સરાહના કરી હતી.

આ કાર્યક્રમ કેલિફોર્નિયાથી રમેશ પટેલ આકાશદીપ દ્વારા ગુજરાત સ્થાપના દિવસ નિમિતે સુંદર રચના વીડિયો દ્વારા પ્રસ્તુત કરી હતી. ડૉ ગુલાબચંદ પટેલ અધ્યક્ષ દ્વારા પણ ગીત ગુજરાત કે વીડિયો માધ્યમ દ્વારા પ્રસ્તુત કરી હતી.

આ કાર્યક્રમમાં કાંતિભાઈ પટેલ એડવોકેટ દ્વારા સુંદર રચના ગુજરાતીમાં રજૂ કરી હતી અને સૌ નો આભાર વ્યક્ત કર્યો હતો.

---

# ઓછા રહેણાંક વિસ્તારમાં પણ અનેક સમસ્યાઓથી પરેશાન સે-૨૫ના વસાહતીઓ

## જુના-નવા બે ભાગમાં વહેંચાયેલો રહેણાંક વિસ્તાર ધરાવતા સે-૨૫માં ફાલેલાં હોસ્ટેલો-પીજીના વ્યવસાય અને બિનઅધિકૃત દબાણોની સમસ્યા પાણીના ધીમા ફોર્સથી પરેશાન સે-૨૫માં નથી આરોગ્ય કેન્દ્ર કે નથી રંગમંચ અને ઉપરથી ચોરી-ચકારી-અકસ્માતનો ભય પણ સતાવ્યા કરે છે

●●●

સે-૨૫માં બિનઅધિકૃત રીતે રહેણાંકોમાં વિકસેલી હોસ્ટેલો પર અંકુશ મુકવો જરૂરી છે કેમ કે તેના કારણે અસામાજિક તત્વોના અડ્ડા જામે છે. વળી સેકટર ફરતે ફુટપાથો પરના ખાણીપીણીના દબાણોના કારણે વસાહતીઓ ફુટપાથનો ઉપયોગ તો નથી કરી શકતા પરંતુ મહાત્મા મંદિરમાં સરકારી કાર્યક્રમો દરમિયાન તેઓ સેકટરના આંતરિક ભાગોમાં ધસી આવે છે. વળી સે-૨૫માં આરોગ્ય કેન્દ્ર, રંગમંચ, સરકારી સ્કૂલ જેવી પાયાની સુવિધાઓ પણ વિકસાવવી જરૂરી છે.

**- જસવંતસિંહ ચાવડા**
**પ્રમુખ, સૂર્યનારાયણ સોસા., વસાહત મંડળ, સે-૨૫**

●●●

સે-૨૫ના આંતરિક માર્ગોને બહારના વાહનચાલકો ખ-૩ સર્કલના સિગ્નલ કે સીસીટીવી કેમેરાને ટાળવા 'બાયપાસ' તરીકે ઉપયોગ કરે છે અને આંતરિક માર્ગો પર સ્પિડબ્રેકર્સ ના હોવાથી તેમની સ્પિડ બેફામ થઈ જાય છે જેને કારણે સતત અકસ્માતનો ભય રહે છે. સેકટરમાં ઝુંપડપટ્ટીને કારણે ચોરી ચકારીની સમસ્યા છે જેને નાથવા સેકટરના પ્રવેશદ્વારો પર ગેટ બનાવી આપવા જોઈએ. સેકટરમાં પાણીના ધીમા ફોર્સની સમસ્યા પણ લાંબા સમયથી સતાવી રહી છે.

**- હિંમતસિંહ બિહોલા, અગ્રણી વસાહતી, સે-૨૫**

●●●

સે-૨૫માં ખાનગી પ્લોટસ સરકાર પાટનગર યોજનાના અસરગ્રસ્ત ખેડૂતોને ફાળવ્યા હતા જેના કારણે તેના માલિકી હક તબદીલ થઈ શકતા નથી. જો કે ફાળવણીને ઘણાંવર્ષો વીતી ગયાં હોવાથી હવે આ બાબતે મંજુરી આપવી જોઈએ. સેકટરમાં અસંખ્ય વસાહતીઓ એવા છે જેમણે પ્લોટ મકાન ખરીદી તો લીધા છે પરંતુ સરકારી ચોપડે હજુ જુના પ્લોટધારકનું જ નામ બોલે છે.

**- મનોજકુમાર મેન્શન,**
**અગ્રણી વસાહતી, સેકટર-૨૫**

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરની પૂર્વ દિશાએ સાબરમતી નદી પસાર થાય છે અને પશ્ચિમ દિશાએ રેલવે લાઈન પસાર થાય છે. આ રેલ્વેલાઈન શહેરના ત્રણેક સેકટરને બે ભાગમાં વહેંચે છે જેમાં સેકટર-૧૪, સેકટર-૨૫ અને સેકટર-૨૬નો સમાવેશ થાય છે. રેલવેલાઈન તરફ હોવાને કારણે છેવાડાના સેકટરોમાં ગણાતું સેકટર-૨૫ હવે પાટનગરના વિસ્તરેલા નકશા મુજબ તો લગભગ મધ્યમાં કહી શકાય તેવી રીતે ભૌગોલિક સ્થિતિમાં છે પરંતુ હજુ છેવાડાની સ્થિતિની સમસ્યાઓ તો ભોગવી રહ્યુ છે. મુંબઈની જેમ ઈસ્ટ-વેસ્ટની ફેશન ગાંધીનગરમાં નથી પરંતુ સે-૨૫ના પૂર્વ ભાગમાં રહેણાંક વિસ્તાર છે જયારે પશ્ચિમ ભાગમાં જીઆઈડીસી આવેલી છે જેનો વિસ્તાર પણ ખૂબ મોટો છે અને તેની પોતાની આગવી સમસ્યાઓ છે. પૂર્વ તરફ રહેણાંક વિસ્તાર ધરાવતું આ સેકટર જુના અને નવા એમ બે ભાગમાં વહેંચાયેલું છે. જેમાં જુના ભાગમાં ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા વિકસાવાયેલા ૨૩૮ ટેનામેન્ટસ છે જયારે નવા ભાગમાં સૂર્યનારાયણ સોસાયટી અને સહકાર કોલોની જેવી વસાહતો છે, જો કે મોટા ભાગની સમસ્યાઓ લગભગ બંને ભાગની સરખી જોવા મળે છે.

કોઈ પણ વસાહત માટે પાયાની જરૂરિયાત એટલે પાણી-ગટર, રોડ-રસ્તા, જાહેર સાફસફાઈ અને સ્ટ્રીટલાઈટ વગેરેની હોય છે અને સેકટર-૨૫ના જુના અને નવા બંને વિસ્તારોમાં આવતા પાણીનો ફોર્સ ધીમો આવતો હોવાની સમસ્યા સતાવી રહી છે તેવું અગ્રણી વસાહતીઓ જણાવી રહ્યાં છે. આ સમસ્યા અંગે વસાહતીઓ જવાબદાર વહીવટીતંત્રને અનેકવાર રજૂઆતો પણ કરી ચુકયા છે છતાં ઘણાં લાંબા સમયથી સતાવી રહેલી આ સમસ્યાનો હજુ સુધી તો કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી. સેકટર-૨૫માં સૂર્યનારાયણ વસાહત મંડળના સંગઠન મંત્રી તરીકે સેવા આપતા અશ્વિનભાઈ પટેલના મતે પાણીના ફોર્સની સમસ્યા ઉપરાંત સેકટરમાં અયોગ્ય રોડ લેવલીંગના કારણે ખુલ્લા પ્લોટોમાં ચોમાસામાં વરસાદી પાણીનો ભરાવો થાય છે જેના નિકાલની યોગ્ય વ્યવસ્થા ના હોવાથી તે સમયે માખી-મચ્છર




જેવા જીવજંતુઓનો ઉપદ્રવ વધે છે અને બિમારીઓનું જોર વધે છે. વળી સેકટરમાં હનુમાનજી મંદિર સહિત અન્ય ભાગોમાં વિવિધ વિકાસ કાર્યો માટે કરવામાં આવેલા ખોદકામ પછી કરવામાં આવેલું માટી પુરાણ અપુરતું હોવાથી ચોમાસામાં ભૂવા પડવાની સમસ્યા પણ સર્જાય છે. આ સાથે તેમણે માહિતી આપી હતી કે સે-૨૫ના નવા ભાગમાં પાટનગરના અસરગ્રસ્ત ખેડૂતોને વળતરરૂપે ફાલવેલા પ્લોટ્સ છે જેમાં ઘણા બધા પ્લોટ્સની અત્યારે ફાળવણી અટકેલી હોવાથી રીઝર્વ હોવાને કારણે સેકટરમાં ખુલ્લા પ્લોટ્સની સંખ્યા વધારે છે અને જે પ્લોટસની ફાળવણી કરાઈ હતી તેને પણ વીસેક વર્ષ જેટલો સમય વીત્યો હોવાથી તેના માલિકને પ્લોટનું વેચાણ કરવું હોય તો પણ માલિકીનું નામ તબદીલ થઈ શકતું ના હોવાથી મુશ્કેલી નડે છે, અનેક પ્લોટસ વેચાઈ ગયા છે પરંતુ સરકારી ચોપડે તો જુના માલિકનું નામ જ બોલે છે અને આ સમસ્યા અંગે સરકારે કલેકરને કમિટી બનાવી નિર્ણય લેવાની સત્તા આપી હોવા છતાં તેનો સમયગાળો લંબાઈ રહ્યો છે જે અંગે નિર્ણાયાત્મક કામગીરી થાય તે અત્યંત જરૂરી છે.

સેકટર-૨૫માં ખુલ્લા પ્લોટોની સંખ્યા વધુ હોવાથી ગેરકાયદેસર ઝૂંપડપટ્ટીઓ વધી છે અને અસમાજિક તત્વોનું જોખમ પણ રહે છે. સેકટર ફરતે કમ્પાઉન્ડ વોલ બનાવાઈ છે તેમાં ગાબડાં પાડવાની કોશિષો થઈ ચુકી છે અને સેકટરમાં નાની-મોટી ચોરી ચકારીની સમસ્યા રહે છે તેથી પોલીસનું નાઈટ પેટ્રોલિંગ વધુ સઘન બનાવવું જરૂરી જણાય છે તે ઉપરાંત કમ્પાઉન્ડ વોલ સાથે સેકટરમાં પ્રવેશવાના માર્ગો પર ઝાંપા સાથેના ગેટ બનાવાય તો રાત્રિની ચોરી ચકારી સાથે દિવસ દરમિયાન રખડતાં ઢોરની સમસ્યામાંથી પણ રાહત મળી શકે. રખડતાં ઢોર ઉપરાંત સે-૨૫માંથી 'બાયપાસ' પસાર થઈને 'ખ-૫' સર્કલના ટ્રાફિક સિગ્નલને ટાળવાની કોશિષ કરતા વાહનચાલકોને કારણે અકસ્માતના ભયની સમસ્યા પણ છે કેમ કે સેકટરના આંતરિક માર્ગો પર સ્પિડબ્રેકર ના હોવાથી આ વાહનોની સ્પિડ વધુ રહે છે તેવું સૂર્યનારાયણ સોસાયટી વસાહત મંડળના અગ્રણી હિમતસિંહ બિહોલાએ જણાવ્યું હતું. તેમના મતે સેકટરના માર્ગો પર સ્પિડ બ્રેકર્સ ઉપરાંત રોડની બંને તરફ વૃક્ષોનું વાવેતર પણ કરવું જોઈએ જેથી સેકટરનું વાતાવરણ સારું રહે. તેણે વધુમાં જણાવ્યું હતું કે સેકટરના કોમન પ્લોટસ પૈકી બે ત્રણ કોમન પ્લોટસમાં સિમેન્ટ બ્લોકસનું પેવરીંગ નથી કરવામાં આવ્યું ત્યાં સ્થાનિક વસાહતીઓ દ્વારા ગેરકાયદેસર દબાણો કરવામાં આવ્યા છે જેને હટાવવા જોઈએ કેમ કે તેના કારણે અન્ય વસાહતીઓ કોમન ચોકનો ઉપયોગ કરી શકતા નથી, વળી સેકટરમાં કચરો લેવા આવતી ગાડી અનિયમિત આવે છે. જો કે જાહેર સાફસફાઈમાં સેકટર-૨૫ના જુના ભાગમાં તકલીફ વધુ જણાય છે.








સેકટર-૨૫ની મુખ્ય તકલીફ તો નજીકમાં શૈક્ષણિક સંકુલો અને જીઆઈડીસી હોવાને કારણે રહેણાંક વિસ્તારમાં ગેરકાયદેસર રીતે ફુલી ફાલેલી ખાનગી હોસ્ટેલો અને પેઈંગગેસ્ટના ધંધાની છે તેવું જણાવતા સૂર્યનારાયણ સોસાયટી વસાહત મંડળના પ્રમુખ જસવંતસિંહ ચાવડા કહે છે કે નિરંકુશ ખાનગી હોસ્ટેલોને કારણે સેકટરમાં અસમાજિક તત્ત્વોની સમસ્યા વધી રહી છે જે અંગે અવારનવાર કલેકટર કચેરીએ પણ રજુઆતો કરવામાં આવી ચુકી છે, વળી, સેકટર ફરતે ફુટપાથો પર જ ખાણીપીણીની લારીઓ અને ખુમચાવાળાઓ પણ બિનઅધિકૃત રીતે અડ્ડા જમાવી રહ્યાં છે અને જયારે પણ નજીકના મહાત્મા મંદિર ખાતે કોઈ સરકારી કાર્યક્રમ હોય ત્યારે દબાણ અને પોલીસ તંત્ર તેમની પર ધોંસ જમાવે ત્યારે આ તમામ લારી ખુમચાવાળા સેકટરના આંતરિક માર્ગો પર અડ્ડા જમાવી દે છે અને સેકટરમાં મેળા જેવા માહોલ સાથે ગંદકી અને બહેન દિકરીઓને અવરજવરમાં મુશ્કેલી પડે તેવી સ્થિતિ સર્જાય છે. સેકટરમાં આમ પણ ઝુંપડપટ્ટીના કારણે જાહેરમાં શૌચક્રિયા-સ્નાનાદિ વગેરેને પગલે ગંદકીની સમસ્યા રહે છે. આ મુખ્ય સમસ્યાઓ સાથે સે-૨૫માં સરકારી દવાખાનું નથી કે રંગમંચ નથી, સરકારી સ્કૂલ પણ નથી પરંતુ એકમાત્ર આશ્વાસન એ છે કે બગીચાનું નવિનીકરણ સારી રીતે થયું છે જો કે જુના ભાગને બગીચાનો લાભ નથી મળ્યો.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com

---

## જન્મદિને વધામણી



રમેશભાઈ ઠક્કર
સાહિત્યકાર
મો. : ૯૮૭૯૫૨૪૬૪૩



અર્પિત વિનોદભાઈ ત્રિવેદી
મો. ૮૪૬૦૧ ૬૧૭૦૨



સાગર દેસાઈ
સિંગર, એક્ટર
મો. ૮૪૬૦૪ ૭૬૦૯૦



શાહ ડિંકલ વિનોદકુમાર



તાહિર પરમાર
સરબા પેટ્રોલીયમના ઓનર
મો. ૯૯૨૪૨ ૬૩૬૮૯




પાર્થ નીતિનકુમાર પોપટ



માધવી દિલીપ ગણાત્રા
મો. ૯૪૨૮૬ ૯૬૫૯૩



કેયુર કુમાર આર જયસ્વાલ
મો. ૯૯૧૩૬ ૧૫૫૨૬



રૂદ્ર રવીકુમાર પટેલ
મો. ૯૪૨૮૭ ૩૪૪૪૮



હસમુખભાઈ કાકડીયા
સૌરાષ્ટ્ર - કચ્છ સમાજ

## રાધે રાધે પરીવાર ગાંધીનગર દ્વારા ગુજરાત સ્થાપના દિવસની ઉજવણી



રાધે રાધે પરીવાર ગાંધીનગર દ્વારા ગુજરાત સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે જરૂયિાતમંદોને ઘઉંની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

રાધે રાધે પરીવારને ખેડૂત પરીવાર તરફથી ૨૦૦ મણ થી વધુ ઘઉંનું દાન આવ્યું હતું. ત્યારે ગ્રુપ ના સભ્યો દ્વારા ભેગા મળીને ૫ કિલોના ૧૦૦૦ થી વધુ પેકેટ તૈયાર કરવામાં આવેલા હતા. એમાં વીઠ્ઠલ પાર્ટી પ્લોટના માલિક અને સરદાર પટેલ સેવાદળના પૂર્વિનભાઈ પટેલના અદ્ભુત સાથ અને સહકારથી ત્યાં પેકેટ તૈયાર કરવાથી લઈને વિતરણ સુધી એમનો ખુબજ સહકાર મળ્યો સાથે સાથે એમનો જન્મ દિવસ ૨ જી મે ના રોજ હોવાથી તેમને કીટ ની સાથે સાથે ૧ લીટરના તેલના પાઉચનું પણ વિતરણ કરવામાં આવ્યુ હતું. સમગ્ર પેકેટના વિતરણની શરૂઆત સેક્ટર-૨ સ્વામિનારાયણ મંદિરના મહંત પી.પી સ્વામીના હસ્તે ત્યાં પાર્ટી પ્લોટ પર આવેલા જરૂયિાતમંદોને અર્પણ કરી સ્વામીજીએ તમામ ગ્રુપ ના સભ્યોને આશીર્વાદ આપ્યા હતા. ત્યાર પછી અલગ અલગ ગાડીમાં પેકેટો મૂકી ગાંધીનગરના જરૂયિાતમંદ વિસ્તાર માં વિતરણ કરી ધન્યતા અનુભવી હતી.



માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા મોટી સંખ્યામાં ભાવિ ભક્તોની ઉપસ્થિતિમાં આનંદનો ગરબો યોજાયો હતો.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. મકવાણા મનુજી ઉદાજી, ઉ.વ. ૭૧, આદિવાડા
- સ્વ. પંચાસરા આસ્થા સંજયભાઈ, ઉ.વ. ૨૦, સેકટર-૫
- સ્વ. મઠિયા ભાવિન જયસુખલાલ, ઉ.વ. ૩૭, સેકટર-૨૯
- સ્વ. રબારી લીલુબેન ભીખાભાઈ, ઉ.વ. ૭૦, અલુવા, કલોલ